# કતકપુરા ગામ ખાતે કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા પ્રાકૃતિક ખેડૂત શિબિર યોજાઈ

આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ સંશોધન કેન્દ્ર, દ્વારા મહેમદાવાદ તાલુકાના કતકપુરા ગામે કુલપતિ ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ તા.૨૨/૦૯/૨૦૨૩ ના રોજ યોજાયેલ પ્રાકૃતિક કૃષિ માટેની તાલીમમાં ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા ડાંગરના પાકની તાજેતરની જાતો અને પ્રાકૃતિક કૃષિની અગત્યતા ઉપર માર્ગદર્શન આપવામાં આવેલ હતુ. ડૉ. ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી દ્વારા પ્રાકૃતિક ખેતીના જીવામૃત, બીજામૃત, ઘનામૃત, અગ્નીઅસ્ત્ર, અને બ્રહ્માસ્ત્ર બનાવવાની પધ્ધતિ વિષે માહિતી આપેલ હતી. પ્રાકૃતિક ખેતીના પ્રગતિશીલ ખેડૂત શ્રી રમણભાઇ ચૌહાણ અને સતિષભાઇ પટેલ ફાર્મર ફ્રેન્ડે ડાંગર પાક ઉપર પ્રાકૃતિક ખેતીનો તેમનો અનુભવ વ્યક્ત કરી ખેડૂતોને પ્રેરીત કર્યા હતા.

શ્રી જયદિપભાઇ પરમાર ગ્રામ સેવક, કતકપુરાએ હાજર ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહિત કરેલ હતા. મહેમદાવાદ તાલુકાના ૧ ગ્રામ સેવક અને કતકપુર ગામના ડાંગરના પ્રગતિશીલ ૧૬ ખેડૂતોએ ઉત્સાહ પૂર્વક ભાગ દીધેલ હતો, છેલ્લે ખેડૂતોના પ્રશ્નોની સંતોષકારક તાંત્રિક માહિતી આપેલ.




